કોઈપણ કિંમત પર સમાચાર

PRGI : GJGUJ/25/A4373

# સાબર રીપોર્ટર ન્યુઝપેપર

WEEKLY સાપ્તાહિક GUJARATI

તંત્રી : બાદશાહખાન અજબખાન પઠાણ

SABAR REPORTER NEWSPAPER - EDITOR : BADSHAHKHAN AJABKHAN PATHAN - WWW.SABARREPORTERNEWSPAPER.IN

રજિસ્ટર્ડ સરનામુ 892, મુસ્લિમ વિસ્તાર, મુ.પો.ગંભીરપુરા , તા.ઇડર, જી.સાબરકાંઠા -383430 મો.98986 93985 E MAIL : badshahpathan@gmail.com

તા. 02/03/2026 | અંક નં.: 9 | પાના: 4 | વર્ષ: 1 | કિંમત: ₹2 | વાર્ષિક: ₹100, Date: 02/03/2026 | Issue No.: 9 | Page: 4 | Year: 1 | Price: ₹2 | Yearly: ₹100

## ઇડર કોલ સેન્ટર મામલે ૨૧ વિરુદ્ધ ઇડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ



ભાજપના પૂર્વ ઉપપ્રમુખના કોમ્પ્લેક્સ ચાલતુ હતું કોલ સેન્ટર અને મુકેશ સોલંકીના કોમ્પ્લેક્સમાં ચાલતું હતું કોલ સેન્ટર જેમાં 3 વર્ષથી ભાડાના મકાનમાં ચાલતું હતું કોલ સેન્ટર અને વિદેશોમાં લોન આપવાની લાલચે કરાતી છેતરપિંડી, ડોલરમાંથી રૂપિયામાં કન્વર્ટ કરી લાખોની ઠગાઇ કરવામાં આવતી હતી, SMCએ 40 મોબાઈલ, 12 લેપટોપ જપ્ત કર્યા છે. કોલ સેન્ટરના આરોપીઓ પાસેથી મોંઘીદાટ કાર હોવાની વાત સામે આવી છે, મોટાભાગના આરોપીઓ અમદાવાદના રહેવાસી છે અને ઊંડાણપૂર્વક તપાસમાં મોટા ખુલાસાની શક્યતા છે, ફરાર 11 આરોપીઓને ઝડપવા પોલીસ સક્રિય છે, આ કોલ સેન્ટર ચલાવવાનો માસ્ટર માઈન્ડ કોણ છે તે દિશામાં પણ પોલીસની તપાસ શરૂ છે. અમેરિકાના ડેટાનો ઉપયોગ કરી ડોલરને ભારતીય ચલણમાં ટ્રાન્સફર કરી ઠગાઈ કરાતી હતી. પોલીસે 40 મોબાઇલ, 12 લેપટોપ, 4 હાઈસ્પીડ રાઉટર અને મોંઘી કાર સહિતનો સામાન કબ્જે કર્યો છે, સ્થાનિક પોલીસ મથકે આરોપીઓને રજૂ કરાયા છે અને ત્રણ વર્ષથી ભાડા કરાર પણ ઓનલાઈન ક્લાસીસના નામે નોંધાયો હતો, આ કાર્યવાહી બાદ સ્થાનિક પોલીસની ભૂમિકા ઉપર પર સવાલ ઉભા થયા છે, દરોડાના પગલે સ્થાનિક પોલીસ અને SMCના અધિકારીઓની તપાસ ચાલતી રહેશે અને આગામી દિવસોમાં વધુ મોટા ખુલાસાઓ થઈ શકે છે.

**ઇડરમાં ઈન્ટરનેશનલ કોલ સેન્ટર પર દરોડા પાડવામાં આવ્યા હતો, ગુજરાત સ્ટેટ મોનિટરિંગ સેલે આ દરોડા પાડયા હતા, ઇડર બરવાવ રોડ પરથી ઝડપાયું કોલ સેન્ટર..**

## સાબરકાંઠા જિલ્લામાં આજથી SSC અને HSC બોર્ડની પરીક્ષાઓનો ઉત્સાહભેર પ્રારંભ!



કોઈપણ પ્રકારના ડર વગર આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપવા વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવતા જિલ્લા કલેક્ટર શ્રી લલિત નારાયણ સિંઘ સાંદુ ગુજરાત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની આજથી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ તથા વિજ્ઞાન પ્રવાહના ઉમેદવારોની પરીક્ષાનો પ્રારંભ થયો છે. આ અવસરે વિવેકાનંદ વિદ્યાલય, હિંમતનગર ખાતે જિલ્લા કલેક્ટર શ્રી લલિત નારાયણ સિંઘ સાંદુએ વિદ્યાર્થીઓને પેન, પુષ્પ, તિલક અને ચોકલેટ આપી સફળ પરીક્ષા તથા ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી. જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું કે, તમે જે મહેનત અને પ્રયત્નો કર્યા છે તે ચોક્કસપણે તમારા પરિણામમાં દેખાશે. તમે કોઈ ડર કે ભય વગર અને સકારાત્મક વિચારો સાથે પરીક્ષા આપશો તો આત્મવિશ્વાસ હંમેશા જાળવાઈ રહેશે. બોર્ડ પરીક્ષામાં તમામ વિદ્યાર્થીઓ નિર્ભય બની ઉત્તમ પ્રદર્શન કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. વિદ્યાર્થીઓને કોઈ અગવડતા ન રહે તે માટે જિલ્લા કક્ષાએ કન્ટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવ્યો છે. પરીક્ષા દરમિયાન સતત વીજ પુરવઠો જળવાઈ રહે તે માટે આયોજન કરવામાં આવ્યું છે. દરેક પરીક્ષા કેન્દ્ર પર સીસીટીવી કેમેરા, પોલીસ ગાર્ડ તેમજ ફ્લાઈંગ સ્ક્વોડની ટીમો તૈનાત કરવામાં આવી છે. ગેરરીતિ અટકાવવા માટે કડક દેખરેખ રાખવામાં આવી રહી છે.

**જિલ્લા કલેક્ટર શ્રી લલિત નારાયણ સિંઘ સાંદુએ હિંમતનગરની ત્રિવેણી વિદ્યાલય ખાતે વિદ્યાર્થીઓને પેન, પુષ્પ અને ચોકલેટ આપી મોં મીઠું કરાવી શુભેચ્છાઓ પાઠવી.**

# હિંમતનગર પાસપોર્ટ ઓફિસ બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી








હિંમતનગર પાસપોર્ટ ઓફિસ બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા જ તંત્ર એલર્ટ બની ગયું હતું. ધમકી મળતા ડીવાયએસપી પોલીસ પાસપોર્ટ ઓફિસ પહોંચી એસઓજી અને બીડીએસ ટીમને સાથે રાખી તપાસ હાથ ધરવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં પાસપોર્ટ ઓફિસ સાથે પોસ્ટ ઓફિસ અને આસપાસની દુકાનો પણ ખાલી કરાવવામાં આવી હતી. સાવચેતીના ભાગરૂપે બૉમ્બ સ્ક્વૉડની ટીમ પણ સ્થળ પર પહોંચી હતી. પાસપોર્ટ અને પોસ્ટ ઓફિસ વિસ્તારને કોર્ડન કરી સુરક્ષા વધારવામાં આવી હતી. પોલીસ દ્વારા સમગ્ર વિસ્તારમાં સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી.

**ધમકીના ફોનથી હડકંપ:પોલીસ તંત્ર એલર્ટ, સઘન તપાસ : પાસપોર્ટ ઓફિસ પર સુરક્ષા કડક**

Scanned with OKEN Scanner

# હિંમતનગર પાલિકાનો 'શાહી' અંદાજ: પ્રજાના પૈસે રિસોર્ટમાં બજેટ સત્ર, સભાખંડના બદલે લક્ઝુરિયસ સુવિધાઓની પસંદગી



સાબરકાંઠા સામાન્ય રીતે નગરપાલિકાના બજેટની ગંભીર ચર્ચાઓ પાલિકાના સભાખંડમાં થતી હોય છે, જ્યાં શહેરના વિકાસના રોડમેપ તૈયાર થાય છે. પરંતુ હિંમતનગર નગરપાલિકાએ એક વિવાદ છેડ્યો છે. પાલિકાનું આગામી બજેટ રજૂ કરવા માટે શહેરના સભાખંડને પડતો મૂકી, શહેરથી 35 કિલોમીટર દૂર એક આલીશાન ખાનગી રિસોર્ટની પસંદગી કરવામાં આવતા ભારે હોબાળો મચ્યો છે. હિંમતનગર નગરપાલિકા દ્વારા આગામી નાણાકીય વર્ષનું બજેટ તૈયાર કરવા માટે એક ખાનગી રિસોર્ટ બુક કરવામાં આવ્યું હતું. આ રિસોર્ટના એક દિવસનું ભાડું અંદાજે 28,500 રૂપિયા હોવાનું સામે આવ્યું છે. મિટિંગ હોલની સુવિધા સાથે ભોજન સમારંભનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. પાલિકાના પ્રમુખ, હોદ્દેદારો અને કર્મચારીઓ પાલિકાની કચેરી છોડીને રિસોર્ટના મહેમાન બન્યા હતા. શહેરની જનતા જ્યારે માંડ-માંડ ટેક્સ ભરી રહી છે અને પાયાની સુવિધાઓ માટે ઝઝૂમી રહી છે, ત્યારે સત્તાધીશોની આ પ્રકારની સાહ્યબી સામે આકરા સવાલો ઊઠી રહ્યા છે. લોકોમાં રોષ છે કે, સામાન્ય માણસના ખિસ્સામાંથી ટેક્સ પેટે લેવાતા નાણાંનો ઉપયોગ શહેરના રસ્તા, પાણી કે સફાઈ માટે થવો જોઈએ, નહીં કે નેતાઓના જલસા માટે. વિરોધ પક્ષ અને જનતાના આક્રોશ છતાં પાલિકાના સત્તાધીશો પોતાના નિર્ણય પર મક્કમ દેખાઈ રહ્યા છે. કેટલાક કોર્પોરેટરોએ ખાનગીમાં વિરોધ નોંધાવ્યો હોવા છતાં, બહુમતી સભ્યો આ 'રિસોર્ટ પોલિટિક્સ' અને વૈભવી બેઠકનો હિસ્સો બન્યા હતા. હિંમતનગરના રાજકીય આલમમાં આ મુદ્દો અત્યારે ચર્ચાનું કેન્દ્ર બન્યો છે

# હિંમતનગરમાં મોટી દુર્ઘટના ટળી ગાયત્રી મંદિર રોડ પર ઘાસ ભરેલી ટ્રકમાં વીજ તાર અડકતાં ભીષણ આગ ફાયર વિભાગની જહેમત બાદ આગ કાબૂમાં, લાખોનું નુકસાન





સાબરકાંઠાના મુખ્ય મથક હિંમતનગરમાં આજે એક મોટી દુર્ઘટના સર્જાતા રહી ગઈ છે. હિંમતનગરના ગાયત્રી મંદિર રોડ વિસ્તારમાં આવેલા મોદી ગ્રાઉન્ડ પાસે એક ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલી ટ્રકમાં અચાનક આગ લાગી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા દૂર-દૂર સુધી ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, ટ્રકમાં સૂકું ઘાસ ભરેલું હતું. આ ટ્રક જ્યારે મોદી ગ્રાઉન્ડ પાસે ઉભી હતી, ત્યારે રસ્તાની બાજુમાં આવેલા વીજળીના થાંભલા પરથી પસાર થતા જીવંત વીજ તાર ઘાસને અડી ગયા હતા. સૂકું ઘાસ હોવાના કારણે વીજ કરંટના તણખા પડતાની સાથે જ આગ ભભૂકી ઉઠી હતી. જોતજોતામાં આખી ટ્રક આગની લપેટમાં આવી ગઈ હતી અને રસ્તા પરથી પસાર થતા વાહનચાલકોમાં પણ ફફડાટ ફેલાયો હતો. ઘટનાની જાણ થતા જ સ્થાનિક લોકોએ તાત્કાલિક હિંમતનગર નગરપાલિકાના ફાયર વિભાગને જાણ કરી હતી. ફાયર ફાઈટરની એક ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાની કામગીરી શરૂ કરી હતી. જોકે, ઘાસના જથ્થાને કારણે આગ વધુ પ્રચંડ બનતા સ્થિતિને પહોંચી વળવા માટે બીજી ફાયર ટીમને પણ સ્થળ પર બોલાવવાની ફરજ પડી હતી. ફાયર વિભાગની લાંબી જહેમત બાદ આગ પર કાબૂ મેળવી શકાયો છે. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી, પરંતુ ટ્રકમાં રહેલું લાખો રૂપિયાનું ઘાસ બળીને ખાખ થઈ ગયું છે અને ટ્રકને પણ મોટું નુકસાન પહોંચ્યું છે. આગને કારણે વિસ્તારમાં થોડો સમય માટે વીજ પુરવઠો પણ ખોરવાયો હતો. હાલમાં ફાયર વિભાગ દ્વારા 'કૂલિંગ પ્રક્રિયા' હાથ ધરવામાં આવી છે. જેથી ફરીથી આગ ન ભભૂકે. ભરચક વિસ્તારમાં લાગેલી આ આગને કારણે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. જોકે ફાયર વિભાગની સતર્કતાને કારણે આગને વધુ ફેલાતી અટકાવી શકાઈ છે. હિંમતનગરમાં વીજ તારથી સર્જાયો અગ્નિકાંડ મોદી ગ્રાઉન્ડ પાસે ઘાસ ભરેલી ટ્રક ક્ષણોમાં આગની લપેટમાં ફાયર વિભાગની તાત્કાલિક કાર્યવાહીથી મોટી દુર્ઘટના ટળી આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ ટ્રકમાં ભરાયેલું ઘાસ સંપૂર્ણપણે બળી ગયું હતું અને વાહનને પણ ભારે નુકસાન થયું છે. આગને કારણે થોડો સમય વીજ પુરવઠો ખોરવાયો હતો. હાલ પરિસ્થિતિ કાબૂમાં છે અને આગ ફરી ન ભભૂકે તે માટે કૂલિંગ કામગીરી ચાલુ રાખવામાં આવી છે.

# સાબર ડેરીના ડિરેક્ટરો વચ્ચે બબાલ: જશુ પટેલ પર બે ડિરેક્ટરોએ હુમલો કર્યાનો આક્ષેપ, ભેળસેળ મુદ્દે થયો હતો વિવાદ




સાબર ડેરીના ડિરેક્ટરો વચ્ચે બબાલની ઘટના સામે આવી છે. જેમાં ડેરીના ચેરમેનની ચેમ્બરમાં જ બે સિનિયર ડિરેક્ટરોએ ભેગા મળીને ડિરેક્ટર જશુ પટેલ પર હુમલો કર્યા આક્ષેપ કરાયો છે. સરહદી વિસ્તારમાં દૂધમાં ભેળસેળ મુદ્દે વિવાદ થયો હોવાનું જણાય છે. મળતી માહિતી મુજબ, સાબર ડેરીની ચેમ્બરમાં કોઈ ગંભીર મુદ્દાને લઈને ચર્ચા ચાલી રહી હતી. આ દરમિયાન અચાનક મામલો બીચક્યો હતો અને ચેરમેનની ચેમ્બરમાં જ બે ડિરેક્ટરોએ જશુ પટેલ સાથે મારામારી કરી હોવાનું સામે આવ્યું છે. જેમાં બે સિનિયર ડિરેક્ટરે લાતો મારી અને ખુરશી નીચે પાડી દેતા જશુ પટેલ ગબડી પડ્યા હોવાનું જણાય છે, આ ઘટનામાં તેઓને સામાન્ય ઈજા પહોંચી હોવાના અહેવાલ મળ્યા છે. સરહદી વિસ્તારના દૂધમાં ગરબડ મામલે માહિતી માગતા વિવાદ સર્જાયો હતો. જશુ પટેલે પર હુમલાની ઘટનાને લઈને સામે પક્ષે હજુ સુધી કોઈ સત્તાવાર સ્પષ્ટતા કરવામાં આવી નથી. જો કે, સમગ્ર મામલે જશુ પટેલે પોલીસ કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરી છે

**સાબર ડેરીમાં ડિરેક્ટરો વચ્ચે મારામારીનો આક્ષેપચેરમેનની ચેમ્બરમાં જશુ પટેલ પર હુમલા નો વિવાદ, પોલીસ કાર્યવાહી તજવીજ શરૂ**

Owner, Publisher, Editor & Printer : Badshahkhan Ajabkhan Pathan 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka: Idar, District: Sabarkantha, Gujarat – 383430. Name & Address of Printing Press Print Magic Graphics Milkat No. 2567, Gambhirpura, Taluka: Idar, District: Sabarkantha, Gujarat – 383430. Place of Publication 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka: Idar, District: Sabarkantha, Gujarat – 383430.

Scanned with OKEN Scanner

# રણાસણ ત્રણ રસ્તા નજીકથી દારૂ ભરીને જતી ટ્રક પકડાઈ

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસથી બુટલેગરો પોલીસને થાપ આપી લાખો રૂપિયાનો પાસ પરમીટ વિનાનો દારૂનો જથ્થો ભરીને ગુજરાતમાં પ્રવેશી અન્ય સ્થળે મોકલી રહ્યા છે ત્યારે બુધવારે રાત્રે ગાંભોઈ પોલીસ સ્ટેશનની હદમાં આવેલ રણાસણ ત્રણ રસ્તા નજીકથી પસાર થઈ રહેલ એક ટ્રકના ચાલકે ખોટી બિલ્ટીઓ બનાવી ટ્રકમાં લાકડાના પાટીયાની આડમાં લઈ જવાતા અંદાજે રૂા. ૬૮.૭૭ લાખની કિંમતની ૪૭૧ પેટીમાં રખાયેલ ૭૨૭૨ દારૂની બોટલો એલસીબીએ કબજે લીધી હતી. ત્યારબાદ એલસીબીએ અંદાજે રૂા. ૮૮.૮૨ લાખનો મુદ્દામાલ કબજે લઈ ટ્રક ચાલકની અટકાયત કરી દારૂની હેરાફેરીમાં સંડોવાયેલ અન્ય એક વિરૂધ્ધ ગુરૂવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.જિલ્લા પોલીસવડા ડો.પાર્થરાજસિંહ ગોહિલ ની સૂચનાથી એલસીબીના પી.આઈ ડી.સી.સાકરીયા પીએસઆઇ એસ.જે ચાવડા,પીએસઆઇ રવિરાજસિંહ જાડેજાની ટીમના અમૃતભાઈ દેસાઈ, જીગ્રેશભાઈ બુધવારે રાત્રે ગાંભોઈ પોલીસ સ્ટેશનની હદમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે એવી બાતમી મળી હતી કે રાજસ્થાન તરફથી આવી રહેલ ટ્રક નં. આરજે૩૭જીએ ૨૭૫૧નો ચાલક પાચારામ ખેતારામ ગોદારા જાટ (રહે. ચાડાર, જી.બાડમેર) પોતાના ટ્રકમાં ખોટી બિલ્ટીઓ બનાવી ટ્રકમાં અગાઉથી જ ગોઠવી દીધેલ લાકડાના પાટીયા નીચે પાસ પરમીટ વિનાનો દારૂનો જથ્થો લઈ ગુજરાતમાં પ્રવેશી રહ્યો છે.જે આધારે એલસીબીએ તરત જ ગાંભોઈ પોલીસ સ્ટેશનની હદમાં આવેલ રણાસણ ત્રણ રસ્તા પાસે વાહનચેકિંગ શરૂ કર્યું હતુ.દરમ્યાન આવી રહેલ ટ્રકને રોકી ચાલકની પુછપરછ કરતાં તેણે ટ્રકમાં કેબલના રોલ ભરેલ હોવાનું જણાવ્યું હતુ. ત્યારબાદ પોલીસને શક જતાં ટ્રકમાં ભરેલ માલનું ચેકિંગ શરૂ કર્યું હતુ. જેમાં કેબલના ત્રણરોલ બોડી સાથે ફિટ કરેલ હતા અને રોલના ઉપરના ભાગે બોલ્ટ લગાવેલ હતા. જે ખોલ્યા બાદ પોલીસે ટ્રકમાં તપાસ કરતાં ફિટ કરેલ તથા કાપીને ગોઠવેલ પાઈપોને હટાવી ટ્રકમાંથી અંદાજે રૂા. ૬૮.૭૭ લાખની પાસ પરમીટ વિનાની વિદેશી દારૂની ૪૭૧ પેટીમાં રખાયેલ ૭૨૭૨ બોટલો મળી આવી હતી.ત્યારબાદ એલસીબીએ ટ્રકના ચાલક પાચારામ જાટની કડક પુછપરછ કરીને દારૂની હેરાફેરી માટેનું પરમીટ રજૂ કરવા જણાવ્યું હતુ. પરંતુ ટ્રકના ચાલકે કોઈ આધાર પુરાવા રજૂ કર્યા ન હતા. જેથી એલસીબીએ દારૂનો જથ્થો તથા ટ્રક મળી અંદાજે રૂા. ૮૮.૮૨ નો મુદ્દામાલ કબજે લઈ પાચારામ જાટની અટકાયત કર્યા બાદ પુછપરછમાં બાડમેર જિલ્લાના ઈસરોલ ગામના મહેશ ચૌધરીની સંડોવણી હોવાનું કબૂલ્યું હતુ. જેથી પોલીસે બંને વિરૂધ્ધ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવી વિદેશી દારૂ, રૂા. ૫ હજારનો મોબાઈલ અને રૂા. ૨૦ લાખનો ટ્રક કબજે લીધો હતો

# હિંમતનગર તાલુકાના નાથી સમાજ દ્વારા આક્રોશ વ્યક્ત કરીને આવેદનપત્ર આપ્યું

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના નાથી સમાજ દ્વારા આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો છે. હિંમતનગર તાલુકાના સમસ્ત નાથી સમાજે મધ્યપ્રદેશમાં બનેલી દિકરી પર અત્યાચાર અને હત્યાની ઘટનાને લઈને જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.હિંમતનગર ખાતે નાથી સમાજ દ્વારા આક્રોશ અને રોષ સાથે સમાજના આગેવાનો અને સભ્યો મોટી સંખ્યામાં જિલ્લા કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા. મધ્યપ્રદેશમાં ધોરણ ૮ માં અભ્યાસ કરતી દિકરી પર થયેલા અત્યાચાર અને હત્યાની ઘટનાને લઈને નોંધાવવામાં આવ્યો હતો. જોકે ગંભીર ઘટના બન્યા છતાં આરોપીઓ હજુ સુધી પોલીસ પકડથી દૂર છે. સ્થાનિક પોલીસની કામગીરી પ્રત્યે અસંતોષ વ્યક્ત કરી કેસની તપાસ ઉચ્ચ કક્ષાની એજન્સીને સોંપવાની માંગ કરવામાં આવી હતી. જોકે આરોપીઓને તાત્કાલિક પકડી કડકમાં કડક સજા કરવામાં આવે તેવી માંગ સાથે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતુ.

## મધ્યપ્રદેશમાં બનેલી દિકરી પર અત્યાચાર અને હત્યાની ઘટનાને લઈને જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું : આરોપીઓને તાત્કાલિક પકડી કડકમાં કડક સજા કરવામાં આવે તેવી માંગ કરી

# સા.કાં જિલ્લામાં સમસ્ત રામી-માળી સમાજ દ્વારા મહાત્મા જ્યોતિરાવ ફૂલે અને સાવિત્રીબાઈ ફૂલેને દેશનો સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્ન આપવાની માંગણી કરવામાં આવી.



રામી માળી સમાજના આગેવાનો દ્વારા સાબરકાંઠા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર સોંપવામાં આવ્યું હતુંઆવેદનપત્ર માં જણાવાયું હતું કે સાવિત્રીબાઈ ફૂલે દેશની પ્રથમ મહિલા શિક્ષિકા તરીકે જાણીતા હતા. તેમણે મહિલાઓને શિક્ષણ આપવાના ઉદ્દેશ્ય સાથે પ્રથમ બાળિકા શાળા શરૂ કરી હતી અને ત્યારબાદ કુલ૧૭ શાળાઓનું સંચાલન કર્યું હતું. તે સમયગાળામાં મહિલાઓના શિક્ષણ માટે તેમનું યોગદાન અતિ મહત્વપૂર્ણ રહ્યું હતું.તેમજ મહાત્મા જ્યોતિરાવ ફૂલે સમાજ સુધારક તરીકે શોષિત અને વંચિત વર્ગોના ઉદ્ધાર માટે કાર્યરત રહ્યા હતા. ફૂલે દંપતીએ મહિલાઓ અને પછાત વર્ગોના શિક્ષણ અને સમાન અધિકારો માટે જીવન સમર્પિત કર્યું હતું.આ પ્રસંગે સાબરકાંઠા જિલ્લાના રામી માળી સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્ર સરકાર દ્વારા ફૂલે દંપતીને ભારત રત્નથી સન્માનિત કરવામાં આવે તેવી માગણી કરવામા હતી

# ગાંભોઈથી બામણા રોડ પરથી રૂા.૫.૨૦ લાખનો દારૂ અને બિયરનો જથ્થો પકડાયો

હિંમતનગર તાલુકાના ગાંભોઇ પોલીસ સ્ટેશનની હદમાંથી સ્થાનિક પોલીસે બાતમીને આધારે મંગળવારે બામણા જતાં રોડ પરથી એક ટેમ્પામાં ભરી ગેરકાયદે હેરાફેરી કરાઈ રહેલ અંદાજે રૂા. ૫.૨૦ લાખની કિંમતની ૧૪૭૬ દારૂ અને બિયરની બોટલો કબજે લઈ ભાગી ગયેલ ટેમ્પોના ચાલક વિરૂધ્ધ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.આ અંગે ગાંભોઈના પી.આઈ એસ.જે.ગોસ્વામી તથા સ્ટાફના પો.કો સુરેશભાઈ ના જણાવાયા મુજબ મંગળવારે તેમને એવી બાતમી મળી હતી કે ભિલોડા તરફથી એક ટેમ્પામાં પાસ પરમીટ વિનાનો દારૂનો જથ્થો ગાંભોઈ તરફ લવાઈ રહ્યો છે જે આધારે ગાંભોઈ પોલીસે આડા હાથરોલની સીમમાં વોચ ગોઠવી હતી. દરમ્યાન બાતમી મુજબ આવી રહેલ ટેમ્પો નં. જીજે૨૭ટીડી ૫૦૫૯ને અટકાવવા માટે પોલીસે ઈશારો કર્યો હતો. પરંતુ ટેમ્પોના ચાલક બામણા ત્રણ રસ્તાથી કોલેજ જતાં રોડની બાજુમાં ટેમ્પો મૂકીને ચાલક ભાગી ગયો હતો.ત્યારબાદ ગાંભોઈ પોલીસે ટેમ્પાની બોડીમાં બનાવેલ ગુપ્ત ખાનામાંથી ૧૪૭૬ બિયર અને દારૂની બોટલો બંધ બોક્સમાંથી ઝડપી લીધી હતી. ત્યારબાદ પોલીસે રૂા. ૧૦.૨૦ લાખનો મુદ્દામાલ કબજે લઈને ગાંભોઈ પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# સાબરકાંઠાના ૩૨ પોલીસકર્મીની પોલીસવડાએ આંતરિક બદલીના હૂકમો કર્યા

સાબરકાંઠાના જિલ્લા પોલીસવડાએ પોતાની સત્તાની રૂએ તથા વહીવટી કારણોસર સોમવારે ૩૨ પોલીસકર્મીની આંતરિક બદલીના હૂકમો કર્યા બાદ કેટલાક પોલીસકર્મીઓમાં તેના મિશ્ર પ્રતિભાવ પડયા છે.જિલ્લા પોલીસ વડા ડૉ. પાર્થરાજસિંહ ગોહિલે વહીવટી કારણોસર જાહેરહિતમાં સોમવારે ૩૨ પોલીસકર્મીઓની આંતરિક બદલીના આદેશ કર્યા છે. આ બદલીઓ જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનો અને શાખાઓમાં કરવામાં આવી છે. બદલી કરાયેલા પોલીસકર્મીઓમાં આર્મ હેડ કોન્સ્ટેબલ, પોલીસ કોન્સ્ટેબલ, ડ્રાઈવર પોલીસ કોન્સ્ટેબલ, વુમન હેડ કોન્સ્ટેબલ,આર્મ લોક રક્ષક,અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ, એ.એસ.આઈ,વુમન આર્મ પોલીસ કોન્સ્ટેબલ અને ડ્રાઈવર એ.એસ.આઈ. સહિતના કર્મચારીઓનો સમાવેશ થાય છે.આ પોલીસકર્મીઓને ઈડર, વિજયનગર, ખેરોજ, મહિલા પોલીસ સ્ટેશન, ગાંભોઈ, પોલીસ હેડક્વાર્ટર, પ્રાંતિજ પોલીસ સ્ટેશન, અરજી શાખા, એ ડિવિઝન, એમટી શાખા, સિટી ટ્રાફિક શાખા, ચિઠોડા, ખેડબ્રહ્મા, સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન અને હાઈવે ટ્રાફિક શાખા જેવી જગ્યાઓ પરથી બદલી કરવામાં આવી છે. તેમની બદલી સિટી ટ્રાફિક, જિલ્લા ટ્રાફિક શાખા, એમટી શાખા, વડાલી પોલીસ સ્ટેશન, બીડીડીએસ શાખા, પોલીસ હેડક્વાર્ટર, એએચટીયુ શાખા, આર્મર શાખા, ક્યુઆરટી શાખા, ચિઠોડા પોલીસ સ્ટેશન, ખેડબ્રહ્મા, ગાંભોઈ, હિંમતનગર ગ્રામ્ય, ખેરોજ પોલીસ સ્ટેશન, પોલીસ કંટ્રોલ રૂમ, એસઓજી શાખા ટેકનિકલ, જાદર, તલોદ, ઈડર અને પ્રાંતિજ પોલીસ સ્ટેશન સહિતના વિભાગોમાં કરવામાં આવી છે.

# કાયમી ફટાકડા પરવાના રીન્યુ કરવાની સત્તા ફરી સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટોને સોંપાઈ

સાબરકાંઠા જિલ્લાના કાયમી ફટાકડા પરવાના ધરાવતા પરવાનેદારોને વધુ ઝડપી અને સુલભ સેવા મળી રહે તે હેતુસર જિલ્લા કલેક્ટર તથા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા તા.૨૪/૦૨/૨૦૨૬ ના હુકમથી મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. અગાઉ કાયમી ફટાકડા પરવાના રીન્યુ કરવાની સત્તા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી પાસે હતી, જે હવે સંબંધિત સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રીઓને સોંપવા નિર્ણય કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી પરવાનેદારોને હવે જિલ્લા કચેરીએ જવું નહીં પડે, પ્રાંત કક્ષાએ જ કામ પૂર્ણ થશે. સ્થાનિક સ્તરે ફાઈલ પ્રક્રિયા થવાથી રીન્યુ પ્રક્રિયા વધુ ઝડપથી પૂર્ણ થશે. પરવાના સમયસર રીન્યુ થતાં વેપાર/વ્યવસાયમાં પણ વિઘ્ન નહીં પડે. સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રીઓ તેમના વિસ્તાર હેઠળના કાયમી ફટાકડા

Scanned with OKEN Scanner

# ઇડર શહેરના કસ્બા વિસ્તારમાં સામુહિક નળ કનેક્શનો પર લાકડાના ડૂચા મારી દેવામાં આવતાં લોકોમાં આક્રોશ...



સમય દિન-પ્રતિ-દિન બદલાતો હોય છે સમય કોઈની રાહ જોતો નથી એક સમય એવો પણ હતો કે રાજા-મહારાજાઓ લોકોને આમ જરૂરિયાત માટે ઉનાળા માં પાણીની સમસ્યા ના પડે તે માટે તળાવો અને કુવાઓ ઉંડા કરાવતા હતા.લાખા વણજારા એ પાણીની સમસ્યા હોય તેવા વિસ્તારોમાં વાવો બનાવી હતી જે આજે પણ આવી પ્રાચીન વાવો હયાત છે. આજે સમય ભલે બદલાયો પણ પાણી પરબો સેવાભાવી લોકો દ્વારા આજેય ચાલુ કરવામાં આવે છે જયારે આજે ઇડર નગરપાલિકા ના વહીવટદારો ઉનાળાની શરૂઆત થઈ રહી છે. એકબાજુ મુસ્લિમ નો પવિત્ર રમજાન મહિનો ચાલી રહ્યો છે ત્યારે અચાનક ઇડર નગરપાલિકાને રાતોરાત સુરતાનમાં આવી જઈ માત્ર પાણી ઢોળાઈ રહ્યું છે.તેવા બહાના હેઠળ ઇડર શહેરના કસ્બા વિસ્તારમાં સામુહિક નળ કનેક્શનો પર લાકડાના ડૂચા મારી દેવામાં આવતાં કસ્બા વિસ્તારોમાં રમજાનમાં સામુહિક નળ કનેક્શનો પાણી ભરતા લોકો દર-દર ભટકી ફિટકાર વરસાવી રહ્યા છે. ઇડર નગરપાલિકા ના કોર્પોરેટરો પણ મુક પ્રેક્ષક બની તમાશો ક્યાં સુધી જોશે સત્વરે ઇડર શહેરના કસ્બા વિસ્તારમાં સામુહિક નળ કનેક્શનો ફરી થી ચાલુ થાય તેમ લોકો ઇચ્છી રહ્યા

# પ્રાંતિજમાં ડિટર્જન્ટ અને યુરિયા ખાતરથી બનાવાતું નકલી દૂધનો પર્દાફાશ : મુખ્ય સંચાલક 20 દિવસ બાદ ઝડપાયો






પ્રાંતિજ તાલુકાના સલાલ વિસ્તારમાં નકલી દૂધ બનાવતી એક યુનિટ પર પોલીસ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન ડિટર્જન્ટ પાઉડર અને યુરિયા ખાતર જેવા રસાયણોના મિશ્રણથી બનાવટી દૂધ તૈયાર કરવામાં આવતું હોવાનો ખુલાસો થયો હતો. સ્થળ પરથી પાંચ આરોપીઓને ઝડપી લેવાયા હતા, જ્યારે મુખ્ય સંચાલક રાકેશ પટેલ ઉર્ફે ધમો ફરાર થઈ ગયો હતો. દરોડાના લગભગ ૨૦ દિવસ બાદ પોલીસે રાકેશ પટેલને ઝડપી પાડ્યો છે. તેને પ્રાંતિજ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો, જ્યાં કોર્ટે બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. પોલીસે વધુ રિમાન્ડની માંગણી કરી હતી જેથી નકલી દૂધના નેટવર્ક અને તેમાં સંકળાયેલા અન્ય લોકો અંગે વિગત વાર તપાસ કરી શકાય. પ્રાથમિક તપાસ મુજબ, પ્રાંતિજમાંથી દરરોજ અંદાજે 3,000 લીટર જેટલું નકલી દૂધ અરવલ્લી, ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લામાં સપ્લાય કરવામાં આવતું હતું. “સત્યા ડેરી પ્રોડક્ટ” નામે આ ગેરકાયદેસર કારોબાર ચલાવવામાં આવતો હતો અને છાસ તથા દૂધને આકર્ષક પેકિંગમાં બજારમાં વેચાણ માટે મોકલવામાં આવતું હતું. હાલ પોલીસ દ્વારા સમગ્ર સપ્લાય ચેઇન, સંકળાયેલા વેપારીઓ તથા નેટવર્ક અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ ગેરકાયદેસર પ્રવૃત્તિ કેટલા સમયથી ચાલી રહી હતી અને તેમાં અન્ય કોણ સંડોવાયેલું હતું તે અંગે આગામી દિવસોમાં મહત્વના ખુલાસા થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. સાથે જ, સ્થાનિક સ્તરે દેખરેખ અને નિયંત્રણ વ્યવસ્થાને લઈને પણ પ્રશ્નો ઉઠી રહ્યા છે.

# હિંમતનગર ખાતે કલેક્ટરશ્રી લલિત નારાયણ સિંઘ સાંદુની અધ્યક્ષતામાં " જીલ્લા સ્વાગત કાર્યક્રમ" યોજાયો




સાબરકાંઠા જિલ્લા કલેક્ટરશ્રી લલિત નારાયણ સિંઘ સાંદુની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી સભાખંડ ખાતે “જિલ્લા સ્વાગત કાર્યક્રમ" યોજાયો હતો.લોકશાહીને ધબકતી રાખી પ્રજાના કલ્યાણ માટે છેલ્લા ૨૦ વર્ષથી નિરંતર ચાલી આવતો ગુજરાત સરકારનો સ્વાગત ઓનલાઇન ફરિયાદ નિવારણ કાર્યક્રમ લોકો માટે આધારસ્તંભ બની ગયો છે.આ કાર્યક્રમમાં નાગરીકોએ ૧૭ જેટલા પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં જમીનમાં દબાણ બાબત, ગામતળમાં પ્લોટ ફાળવણી, જમીનના ૭ /૧૨ ઉતારામાં નામ સુધારા બાબત સહિત વિવિધ વિષયો પર પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા.આ કાર્યક્રમમાં કલેક્ટરશ્રીએ આ જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં અરજદારોને યોગ્ય માર્ગદર્શન આપી તેમના પ્રશ્નોના ઝડપી નિકાલ આવે તે અંગે સંબંધિત અધિકારીશ્રીઓને અનુરોધ કર્યો હતો. વધુમાં કલેક્ટરશ્રીએ વહીવટી તંત્રના તમામ અમલીકરણ અધિકારીઓને લોકોના પ્રશ્નોને શાંતિથી સાંભળી યોગ્ય ઉકેલ લાવવાની દિશામાં કામગીરી કરવા જણાવ્યું હતું.આ કાર્યક્રમમાં અધિક નિવાસી કલેક્ટરશ્રી ક્રિષ્ના વાઘેલા, ડીવાયએસપીશ્રી,તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ તેમજ અન્ય અમલીકરણ અધિકારીશ્રીઓ તેમજ અરજદારો ઉપસ્થિત હતા

# વિશ્વ મંગલમ કેળવણી મંડળ, હિંમતનગર સંચાલિત વિદ્યાનગરી કેમ્પસ દ્વારા આયોજિત વાર્ષિકોત્સવ

વિશ્વ મંગલમ કેળવણી મંડળ, હિંમતનગર સંચાલિત વિદ્યાનગરી કેમ્પસ (MBA, BBA, B.Com.) દ્વારા




આયોજિત વાર્ષિકોત્સવ “Journey of Dreams 2K26” તા. 24 ફેબ્રુઆરી, 2026ના રોજ પારુલબા ઓડિટોરિયમ, વિદ્યાનગરી કેમ્પસ, હિંમતનગર ખાતે ભવ્ય અને રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે સફળતાપૂર્વક યોજાયો હતો.કાર્યક્રમમાં સમારંભ અધ્યક્ષ તરીકે સંસ્થાના પ્રમુખશ્રી માનનીય ડૉ. ડી. એલ. પટેલ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા તથા પેટ્રોન તરીકે કેમ્પસ ડાયરેક્ટર ડૉ. હિતેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.મુખ્ય મહેમાન તરીકે નીચેના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાઅતિથિ વિશેષ તરીકે વિદ્યાનગરીના ટ્રસ્ટીશ્રી મહેન્દ્રભાઈ ડી. પટેલ, મહિલા આર્ટ્સ કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ.કે.એલ.પટેલ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. ત્યારબાદ ડી. એલ. પટેલ કોમર્સ કોલેજના ઇનચાર્જ પ્રિન્સિપાલ શ્રી મિતેશ રાવલ દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી આવકાર આપવામાં આવ્યો હતો.મહેમાનોને મોમેન્ટો અને બુકે અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.ત્યારબાદ ડી. એલ. પટેલ કોમર્સ કોલેજના વાઇસ પ્રિન્સિપાલ ડૉ. શબ્બીરઅલી થાવરા દ્વારા MBA, BBA અને B.Com. કોલેજનો પ્રોફાઇલ તથા વર્ષ દરમિયાન સંસ્થામાં યોજાયેલી શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સહ-પાઠ્ય પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો.વિવિધ યુનિવર્સિટી પરીક્ષાઓ તથા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ઉત્કૃષ્ટ સિદ્ધિ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓને મહેમાન શ્રીના હસ્તે પારિતોષિક અને શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.મુખ્ય મહેમાનોએ પોતાના ઉદ્દબોધનમાં વિદ્યાર્થીઓને ઉદ્યોગ, નાણાકીય જાગૃતિ, નેતૃત્વ, સ્ટાર્ટઅપ, સંશોધન તથા વ્યવસાયિક ક્ષેત્રે આગળ વધવા પ્રેરણા આપી હતી.CA ડૉ. શાશ્વત દોશી દ્વારા વિદ્યાર્થીઓને કારકિર્દી અને સફળતા વિશે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે કારકિર્દી માટે વ્યાવસાયિક કુશળતા, સતત શિક્ષણ, નેટવર્કિંગ અને નૈતિક મૂલ્યોનું મહત્વ સમજાવ્યું હતું. વિદ્યાર્થીઓને પોતાના લક્ષ્યાંક સુધી પહોંચવા માટે પ્રતિબદ્ધતા અને આત્મવિશ્વાસ જાળવવાની પ્રેરણા આપી હતીશ્રી નરેન્દ્રભાઈ પટેલ (Managing Director, Arogon Peb Structure Ltd.)એ બિઝનેસ ક્ષેત્રમાં સફળ થવા માટેની રણનીતિઓ પર પ્રકાશ પાડ્યો. તેમણે બિઝનેસમાં નવીનતા, સંશોધન, માર્કેટ અભ્યાસ અને જોખમ સંભાળવાની કુશળતાની જરૂરિયાતને દર્શાવ્યું હતું. વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ અને વ્યવસાયિક ક્ષેત્રે ઉત્કૃષ્ટતા મેળવવા માટે પ્રેરણા આપી હતીશ્રી દિલીપભાઈ શાહ (ચેરમેન, Nagrik Sahakari Bank Ltd.)એ બેંકિંગ અને નાણાકીય ક્ષેત્રમાં શ્રેષ્ઠતા મેળવવાની તાકાત વિષે જણાવ્યુ. તેમણે નાણાકીય વ્યવહાર, ગ્રાહક સેવા, આધુનિક બેંકિંગ ટેક્નોલોજી અને સ્ટાર્ટઅપ માટે ફાઇનાન્સિયલ આયોજનની મહત્વપૂર્ણ બાબતો પર ભાર મૂક્યો હતોઅધ્યક્ષીય પ્રવચનમાં ડૉ. ડી. એલ. પટેલ સાહેબે વિદ્યાર્થીઓને સંશોધન અને વૈશ્વિક સ્તરે ચાલી રહેલા નવીન પ્રવાહો સાથે જોડાઈને વિદ્યાનગરી અને સમગ્ર ગુજરાતને આગળ વધારવા માર્ગદર્શન આપ્યું હતું. તેમણે મહેનત, સાતત્ય અને આત્મવિશ્વાસથી કોઈપણ લક્ષ પ્રાપ્ત કરી શકાય છે તે બાબત ઉપર ભાર મુક્યો હતો.ત્યારબાદ વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રંગમંચ પર રજૂ કરી સમગ્ર કાર્યક્રમને મનમોહક અને યાદગાર બનાવી દીધો હતો.અંતે આભારવિધિ દ્વારા ઉપસ્થિત તમામ મહાનુભાવો, ટ્રસ્ટીશ્રીઓ, શિક્ષકગણ આવ્યો હતો.

Scanned with OKEN Scanner